# જિલ્લા શિક્ષણાધિકારી કચેરી – રાજકોટ

જૂનો વઢવાણનો ઉતારો, કસ્તુરબા માર્ગ, રાજકોટ.

ફોન નં : (૦૨૮૧) ૨૨૨૩૪૫૩ Email : rajkotdeo@gmail.com

ક્રમાંક/પરીક્ષા/ગ-3/૨૦૧૯/ ૧૫૨૩-૧૭૪૯ તા. ૨૪/૦૫/૨૦૧૯

**પરીપત્ર**

પ્રતિ,

આચાર્યશ્રી,

તમામ માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ,

રાજકોટ જિલ્લો.

**વિષય :- અન્ય બોર્ડ/રાજય બહાર/વિદેશની શાળામાંથી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડની શાળામાં પ્રવેશ લેવા માંગતા વિદ્યાર્થીઓને "પ્રવેશ યોગ્યતા પ્રમાણપત્ર" આપવા બાબત.**

**સંદર્ભ :-**

૧. ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમો,૧૯૭૪" ના પ્રકરણ-૫ના વિનિયમ ૧૨ ના મુદ્દા નંબર (૯) ની જોગવાઇઓ.

૨. ગુ.મા.અને ઉ.મા.શિ.બોર્ડ ગાંધીનગરના પત્રક્રમાંક : મઉમશબ/સંશોધન/૫૯૮૮ થી ૬૦૨૧, તા.૧૩/૦૧/૨૦૧૬.

૩. ગુ.મા.અને ઉ.મા.શિ.બોર્ડ ગાંધીનગરના પત્રક્રમાંક : મઉમશબ/સંશોધન/૨૦૧૭/ ૧૮૬૧, તા.૦૪/૦૪/૨૦૧૭.

૪. ગુ.મા.અને ઉ.મા.શિ.બોર્ડ ગાંધીનગરના પત્રક્રમાંક : મઉમશબ/સંશોધન/૨૦૧૭/ ૧૯૦૧, તા.૨૪/૦૪/૨૦૧૭.

૫. ગુ.મા.અને ઉ.મા.શિ.બોર્ડ ગાંધીનગરના પત્રક્રમાંક : મઉમશબ/સંશોધન/૨૦૧૭/૨૮૨૨, તા.૧૬/૧૨/૨૦૧૭.

ઉપરોક્ત વિષય તથા સંદર્ભ અન્વયે જણાવવાનું કે, અન્ય બોર્ડ/રાજય બહાર/વિદેશની શાળામાંથી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડની શાળામાં પ્રવેશ લેવા માંગતા વિદ્યાર્થીઓને "પ્રવેશ યોગ્યતા પ્રમાણપત્ર" મેળવવા નીચે મુજબની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

1) ધોરણ-૮ પાસ અથવા ધોરણ-૯ પાસ વિદ્યાર્થી અન્ય બોર્ડ/રાજય બહારની શાળામાંથી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડની શાળામાં પ્રવેશ મેળવવા માંગતા વિદ્યાર્થીને શાળા દ્વારા "**ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમો,૧૯૭૪" ના પ્રકરણ-૫ના વિનિયમ ૧૨ ના મુદ્દા નંબર (૯) ની જોગવાઇઓનું** પાલન થતુ હોય તો શાળા દ્વારા પ્રવેશ આપી શકાશે.

વિનિયમ ૧૨ ના મુદ્દા નંબર (૯) ની જોગવાઇ :-

" અન્ય કોઇ રાજયમાં અથવા સંઘ રાજય ક્ષેત્રમાં આવેલી શાળામાંથી આવતા વિદ્યાર્થીને જો કોઇ વિદ્યાર્થીના શાળા છોડયાના પ્રમાણપત્ર ઉપર તે રાજ્ય કે સંઘ રાજ્યક્ષેત્રના શિક્ષણ અધિકારીએ સામી સહી (કાઉન્ટર સહી) કરી હોય તો જ રજિસ્ટર થયેલી શાળામાં તેને દાખલ કરી શકાશે. :

પરંતુ શાળા છોડયાના પ્રમાણપત્ર ઉપર તેવી રીતે સામી સહી (કાઉન્ટર સહી) કરેલી ન હોય, ત્યારે શાળાના વડા આવી સામી સહી (કાઉન્ટર સહી) કરવામાં ન આવે ત્યાં સુધી વિદ્યાર્થીને કામચલાઉ ધોરણે દાખલ કરી શકશે એ કેસની પૂરી વિગતોનો અધિકારીને રિપોર્ટ કરી શકશે."

2) **ધોરણ-૧૦ કે તેની સમકક્ષ પરીક્ષા પાસ** વિદ્યાર્થી અન્ય બોર્ડ/રાજય બહારની શાળામાંથી ધોરણ-૧૧માં ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડની શાળામાં પ્રવેશ લેવા માંગતા વિદ્યાર્થીને સંદર્ભ (૨) પરીપત્રની જોગવાઇ મુજબ તેમાં બોર્ડે માન્ય કરેલ <u>૫૯ બોર્ડની યાદી</u> પૈકીના કોઇ અન્ય બોર્ડમાંથી આવતા વિદ્યાર્થીઓએ ગુ.મા. અને ઉ.મા.શિ. બોર્ડમાં નોંધાયેલ શાળામાં ધોરણ-૧૦ પછીના શાળાકીય અભ્યાસ માટે પ્રવેશ મેળવવા માટે નીચે મુજબના <u>પ્રમાણપત્રોની ખરાઇ</u> જે તે શાળા દ્વારા <u>જિલ્લા શિક્ષણાધિકારી કચેરી ખાતે</u> કરાવી લેવાની રહેશે.

I. જે શાળામાં પ્રવેશ મેળવવો હોય તે શાળાના લેટરપેડ પર અરજી
II. **ધોરણ-૧૦ કે તેની સમકક્ષ પરીક્ષા પાસ** હોય તે ગુણપત્રકની પ્રમાણિત નકલ
III. વિદ્યાર્થીનું માઇગ્રેશન સર્ટીફિકેટની પ્રમાણિત નકલ
IV. વિદ્યાર્થીનું ટ્રાન્સફર સર્ટીફિકેટ અથવા એલ.સી. ની પ્રમાણિત નકલ

ઉપર જણાવેલ આધાર પુરાવાઓના **<u>બે નકલમાં સેટ (આચાર્યશ્રી દવારા પ્રમાણિત કરેલ)</u>** અને **<u>એક અસલ પ્રમાણપત્રનો સેટ</u>** એમ કુલ ત્રણ સેટ તૈયાર કરી અત્રેની કચેરીની **<u>પરીક્ષા (ગ-3) શાખા</u>**માં રૂબરૂ સંપર્ક કરવાનો રહેશે.

**<u>ખાસ નોંધ</u> :-**

સમકક્ષ યાદી સિવાયના અન્ય બોર્ડમાંથી આવતા વિદ્યાર્થીઓને શાળા સીધે સીધો પ્રવેશ આપશે તો તેની સંપૂર્ણ જવાબદારી શાળાના આચાર્યની રહેશે.

આ સાથેની યાદી સિવાયના બોર્ડ/યુનિ. સંસ્થામાંથી આવતા વિદ્યાર્થીઓ માટે આ બોર્ડના **પ્રવેશ યોગ્યતા પ્રમાણપત્ર** સિવાય શાળા પ્રવેશ આપી શકશે નહી.

---

3) સંદર્ભ (૩) પત્રથી ભારતના અન્ય ૫૯ બોર્ડ માંથી આવતા ધોરણ-૧૧ પાસ વિજ્ઞાન પ્રવાહ CBSE/અન્ય બોર્ડ પૈકીના વિદ્યાર્થીઓને ગુજરાત બોર્ડની માન્ય શાળામાં ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ/સામાન્ય પ્રવાહ માં પ્રવેશ આપી શકાશે. આ માટે નીચે મુજબના <u>પ્રમાણપત્રોની ખરાઇ</u> જે તે શાળા દ્વારા <u>જિલ્લા શિક્ષણાધિકારી કચેરી ખાતે</u> કરવા લેવાની રહેશે.

V. જે શાળામાં પ્રવેશ મેળવવો હોય તે શાળાના લેટરપેડ પર અરજી
VI. **ધોરણ-૧૧ વિજ્ઞાન પ્રવાહ પરીક્ષા પાસ** હોય તે ગુણપત્રકની પ્રમાણિત નકલ
VII. વિદ્યાર્થીનું માઇગ્રેશન સર્ટીફિકેટની પ્રમાણિત નકલ
VIII. વિદ્યાર્થીનું ટ્રાન્સફર સર્ટીફિકેટ અથવા એલ.સી. ની પ્રમાણિત નકલ

ઉપર જણાવેલ આધાર પુરાવાઓના **<u>બે નકલમાં સેટ (આચાર્યશ્રી દવારા પ્રમાણિત કરેલ)</u>** અને **<u>એક અસલ પ્રમાણપત્રનો સેટ</u>** એમ કુલ ત્રણ સેટ તૈયાર કરી અત્રેની કચેરીની **<u>પરીક્ષા (ગ-3) શાખા</u>**માં રૂબરૂ સંપર્ક કરવાનો રહેશે.

---

### 4) વિદેશમાં અભ્યાસ કરી ધોરણ-૯,૧૦,૧૧ અને ૧૨ માં પ્રવેશ મેળવવા બાબત :-

તમામ માધ્યમિક તેમજ ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓને જણાવવામાં આવે છે કે વિદેશથી અભ્યાસ કરી ધોરણ-૯, ૧૦, ૧૧ અને ધોરણ-૧૨ માં પ્રવેશ મેળવવા માગતા વિદ્યાર્થીઓએ **<u>દિલ્હીથી સમકક્ષ પ્રમાણપત્ર</u>** મેળવી **<u>બોર્ડની કચેરીએ રજૂ કરી</u>** "પ્રવેશ યોગ્યતા પ્રમાણપત્ર" મળ્યા બાદ પ્રવેશ આપવાનો રહેશે. **<u>શાળા સીધે સીધો પ્રવેશ આપશે તો તેની સધળી જવાબદારી આચાર્યશ્રીની રહેશે</u>**.

વિદ્યાર્થીનો અભ્યાસ ન બગડે તે માટે શાળાએ કામચલાઉ પ્રવેશ આપી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરની સંશોધન શાખામાં

I. દિલ્હીથી મેળવેલ A.I.U. સમકક્ષતા પ્રમાણપત્રની નકલ
II. ગુણપત્રકની પ્રમાણિત નકલ
III. એલ.સી. (L.C.) / ટ્રાન્સફર સર્ટીફિકેટ (T.C.) ની પ્રમાણિત નકલ
IV. માઇગ્રેશન સર્ટીફિકેટની પ્રમાણિત નકલ
V. પાસબોર્ડ/વિઝાના આધારો તેમજ રેસીડન્ટ પરમીટની પ્રમાણિત નકલ સાથેની અરજી અને ફી રૂ. ૫૦૦/- ડિમાન્ડ ડ્રાફ્ટ સાથે શાળા મારફત મોકલી બોર્ડની કચેરીએથી ૧૫ દિવસમાં "પ્રવેશ યોગ્યતા પ્રમાણપત્ર" મેળવી જે તે શાળામાં રજૂ કરવાનું રહેશે.

**A.I.U. દ્વારા "EQUIVALENCE CERTIFICATE" મેળવવાનું સરનામું :-**

**ASSOCIATION OF INDIAN UNIVERSITIES**
**AIU HOUSE, 16 ,COMARADE INDRAJIT GUPTA MARG, NEW DELHI-110 002**
**EPAX:-91-011 23230059 (6 LINES) / FAX :- 91-011-23232131**
**http://www.aiuweb.org Email :- evaluation@aiuweb.org**

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી
રાજકોટ

બિડાણ:-

- સંદર્ભ (૨) થી (૫) પરિપત્ર
- ગુ.મા. અને ઉ.મા.શિ.બોર્ડ માં નોંધાયેલ શાળામાં પ્રવેશ માટે મંજુર કરાયેલ સમકક્ષ ૫૯ બોર્ડની યાદી.

નકલ જાણ તેમજ અમલવારી કરાવવા સારૂ:-

- સંયોજકશ્રી, શાળા વિકાસ સંકુલ, તમામ, રાજકોટ જિલ્લો.
- બીટ ઇ.આઇ./એ.ઇ.આઇ., તમામ, આ કચેરી.

પ્રવેશ યોગ્યતા પ્રમાણપત્ર

પરિપત્ર

ક્રમાંક/મઉમજ્ઞબ/સંશોધન/ ૫૯-૯૯-થી-૬૦૨૧
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેક્ટર-૧૦ બી, જુના સચિવાલય પાસે,
ગાંધીનગર. તા. ૧૩/૧/૨૦૧૬

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી (તમામ)
ગુજરાત રાજ્ય.

વિષય :- ધો-૧૧ માં પ્રવેશ સંદર્ભે ભારતનાં અન્ય બોર્ડમાંથી આવતા વિદ્યાર્થીઓએ પ્રવેશ યોગ્યતા પ્રમાણપત્ર મેળવવા બાબત.

સંદર્ભ :- ૧. બોર્ડના સમકક્ષતા પ્રમાણપત્ર પરીપત્ર તા. ૧૬/૬/૨૦૦૫
૨. બોર્ડની શૈક્ષણિક સમિતિનો ઠરાવ ક્રમાંક : ૧૧૧/૨૦૧૫ તા. ૫/૧૦/૨૦૧૫
૩. બોર્ડની કારોબારી સમિતિનો ઠરાવ ક્રમાંક: ૨૪૧/૨૦૧૫ તા.૧૦/૧૨/૨૦૧૫

ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે આજ્ઞાનુસાર જણાવવાનું કે અન્ય રાજ્ય કે અન્ય બોર્ડમાંથી ધો-૧૦ કે તેની સમકક્ષ પરીક્ષા પાસ કરીને ગુ.મા. અને ઉ.મા.શિ.બોર્ડ દ્વારા રજીસ્ટર થયેલ શાળામાં ધો-૧૧ માં પ્રવેશ મેળવવા માંગતા વિદ્યાર્થીઓને સંદર્ભ -૧ ના પરીપત્ર મુજબ પ્રવેશ આપવામાં આવતો હતો. જે પરિપત્ર સાથે બિડાણમાં સમકક્ષતા ધરાવતા કુલ-૩૯ બોર્ડની યાદી સામેલ રાખવામાં આવેલ હતી. તે યાદીને અદ્યતન બનાવી કુલ- ૫૯ બોર્ડની યાદી શૈક્ષણિક સમિતિ અને કારોબારી સમિતિમાં રજૂ કરવામાં આવી હતી, જેને સર્વાનુમતે મંજુર કરવામાં આવેલ છે.

હવેથી બોર્ડ માન્ય કરેલ ૫૯ બોર્ડની યાદી પૈકીના કોઈ અન્ય બોર્ડમાંથી આવતા વિદ્યાર્થીઓએ ગુ.મા અને ઉ.મા.શિક્ષણ બોર્ડમાં નોંધાયેલ શાળામાં ધો:૧૦ પછીના શાળાકીય અભ્યાસ માટે પ્રવેશ મેળવવા માટે બોર્ડની કચેરીએથી પ્રવેશ યોગ્યતા પ્રમાણપત્ર મેળવવાની દરખાસ્ત કરવાની જરૂર નથી. આથી શાળા આવા વિદ્યાર્થીઓને સીધેસીધો ધો-૧૧ માં પ્રવેશ આપી શકશે, પરંતુ આ અંગેના પ્રમાણપત્રોની ખરાઈ સંબંધિત જિલ્લાશિક્ષણાધિકારીશ્રીની કચેરીએથી કરાવી લેવાની રહેશે. અને આવા પરીક્ષાર્થીઓની યાદી જરૂરી આધારો સાથે સંબંધિત શાળાના આચાર્યશ્રીએ પરીક્ષાના આવેદનપત્રો સાથે બોર્ડની કચેરીમાં મોકલી આપવાની રહેશે. તે જ પ્રમાણે ખાનગી ઉમેદવાર તરીકે બોર્ડની જાહેર પરીક્ષામાં ઉપસ્થિત થવા માગતા વિદ્યાર્થીઓએ પણ સમકક્ષ યાદીમાં સમાવિષ્ટ બોર્ડમાંથી ધો-૧૦ કે તેની સમકક્ષ પરીક્ષા પાસ કરેલ હોય તો તેવા વિદ્યાર્થીઓએ પણ અલાયદુ પ્રવેશ યોગ્યતા પ્રમાણપત્ર બોર્ડની કચેરીએથી મેળવવાની જરૂર રહેતી નથી. (પરંતુ નિયમિત પરીક્ષાર્થીમાં કરેલ પ્રવિધિ કરવાની રહેશે.)

સમકક્ષ યાદી સિવાયના અન્ય બોર્ડમાંથી આવતા વિદ્યાર્થીઓને શાળા સીધે સીધો પ્રવેશ આપશે તો તેની સંપૂર્ણ જવાબદારી શાળાના આચાર્યની રહેશે જેની નોંધ લેવી.

વિદેશમાં અભ્યાસ કરી ને આવતા વિદ્યાર્થીઓ આ બોર્ડ સંલગ્ન શાળામાં અભ્યાસ માટે પ્રવેશ મેળવવા માંગતા હોય તેમના માટે બોર્ડના તા.૧૨/૨/૨૦૧૪ ના પ્રવેશ યોગ્યતા પરીપત્ર અને વિનિયમોની જોગવાઈ મુજબ પ્રવેશ ની કાર્યવાહી કરવાની રહેશે.

ઉપરોકત બાબતની જાણ આપના તાબા હેઠળની તમામ શાળાઓને કરવા જણાવવામાં આવે છે.

(આર.આઈ.પટેલ)
સચિવ
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર.

| |
|---|
| <u>નોંધ</u>,:- આ સાથેની યાદી સિવાયના બોર્ડ/ યુનિ. સંસ્થામાંથી આવતા વિદ્યાર્થીઓ માટે આ બોર્ડના પ્રવેશ યોગ્યતા પ્રમાણપત્ર સિવાય શાળા પ્રવેશ આપી શકશે નહી. |

<u>બિડાણ</u> :- ક્રમ નંબર ૧ થી ૫૯ સમકક્ષ બોર્ડની યાદી.

<u>નકલ સવિનય રવાના</u>

૧. માન. અધ્યક્ષશ્રી ગુ.મા. અને ઉ.મા.શિ.બોર્ડ, ગાંધીનગર.
૨. નાયબ અધ્યક્ષશ્રી ગુ.મા. અને ઉ.મા.શિ.બોર્ડ, ગાંધીનગર.
૩. પરીક્ષા સચિવશ્રી ગુ.મા. અને ઉ.મા.શિ.બોર્ડ, ગાંધીનગર.
૪. બોર્ડના તમામ સભ્યશ્રીઓ તરફ
૫. રજીસ્ટ્રારશ્રી તમામ યુનિ.
૬. રાજયની તમામ રજીસ્ટ્રર મા. અને ઉ.મા. શાળાઓના આચાર્યશ્રીઓને જાણ તથા અમલ સારૂ.
( બોર્ડના મુખપત્ર મા. શિક્ષણ અને પરીક્ષણ માંરફતે. )

ગુ.મા અને ઉ.મા.શિક્ષણ બોર્ડ માં નોંધાયેલ શાળામાં પ્રવેશ માટે મંજુર કરાયેલ સમકક્ષ બોર્ડની યાદી.

( શૈક્ષણિક સમિતિ તા. 5/10/2015 તથા કારોબારી સમિતિ તા. 10/12/2015 )

| S.N | Name of the Board/Council | S.N | Name of the Board/Council |
|---|---|---|---|
| 1 | Gujarat Secondary & Higher Sec. Edu. Board, GANDHINAGAR - 382010 | 16 | Karnataka Secondary Edu. Examination Board, BANGALORE-560003 |
| 2 | Andhra Pradesh Board of Intermediate Education, HYDERABAD - 500001 | 17 | Kerala Board of Public Examination, THIRUVANANTHAPURAM-695012 |
| 3 | Andhra Pradesh Board of Secondary Education, HYDERABAD - 500001 | 18 | Kerala Board of Higher Secondary Education, THIRUVANANTHAPURAM-695001 |
| 4 | Assam Higher Secondary Education Council, GUWAHATI - 781021 | 19 | Maharashtra Board of Sec. & Higher Sec. Edu., PUNE-411004 |
| 5 | Assam Board of Secondary Education, GUWAHATI - 781021 | 20 | Madhya Pradesh Board of Secondary Education, BHOPAL-462011 |
| 6 | Bihar School Examination Board, PATNA - 800001 | 21 | Manipur Board of Secondary Education, IMPHAL-795001 |
| 7 | Central Board of Secondary Education, DELHI- 110301 | 22 | Manipur Higher Secondary Education Council, IMPHAL(WEST)-795001 |
| 8 | Chhattisgarh Board of Secondary Education, RAIPUR - 492001 | 23 | Meghalaya Board of School Education, TURA, MEGHALAYA-794001 |
| 9 | Council for the Indian School Certificate Exams. NEW DELHI-110019 | 24 | Mizoram Board of School Education, AIZAWL-796012 |
| 10 | Goa Board of Secondary & Higher Sec. Edu., GOA- 403521 | 25 | Nagaland Board of School Education, KOHIMA-797001 |
| 11 | Haryana Board of School Education, BHIWANI- 127021 | 26 | National Institute of Open Schooling, NOIDA -201309(U.P) |
| 12 | Himachal Pradesh Board of School Education, DHARAMSALA, KANGRA(H.P)176213 | 27 | Odisha Council of Higher Secondary Education, BHUBANESWAR-751013 |
| 13 | J& K Board of School Education, SRINAGAR-190010/JAMMU-180005 | 28 | Odisha Board of Secondary Education, CUTTACK-753001 |
| 14 | Jharkhand Academic Council, RANCHI-834010 | 29 | Punjab School Education Board, MOHALI-160059 |
| 15 | Karnataka Board of Pre-University Education, BANGALORE-560012 | 30 | Rajasthan Board of Secondary Education, AJMER-305001 |

| | | | |
|---|---|---|---|
| 31 | Tamilnadu State Board of School Examinations, CHENNAI-600006 | 46 | Bihar State Madrasa Education Board, PATNA-800001 |
| 32 | Tripura Board of Secondary Education, AGARTALA-799006 | 47 | Chhattisgarh Madrasa Board, RAIPUR-492001 |
| 33 | Telangana State Board of Secondary Education, HYDERABAD-500001 | 48 | Chhattisgarh Sanskrit Board, RAIPUR-492001 |
| 34 | Telangana State Board of Intermediate Education,HYDERABAD-500001 | 49 | Maharishi Patanjali Sanskrit Sansthan, BHOPAL-462003 |
| 35 | U.P. Board of High School & Intermediate Edu., ALLAHABAD-211001 | 50 | U.P. Madhk. Sanskrit Shiksha Parishad, LUCKNOW-226003 |
| 36 | Uttarakhand Board of School Education, NAINITAL - 244715 | 51 | Dayalbagh Education Institute, AGRA-282110 |
| 37 | West Bengal Board of Secondary Education, KOLKATA-700091 | 52 | Bihar Board of Open Schooling, PATNA-800001 |
| 38 | WB Council of Higher Sec. Education,KOLKATA-700091 | 53 | A.P Open School Society, HYDERABAD Govt.of Andhrapradesh |
| 39 | West Bengal Board of Primary Education,KOLKATA-700091 | 54 | Bihar Sanskrit Shiksha Board, PATNA-800001 |
| 40 | West Bengal Board of Madrasah Education,KOLKATA-700016 | 55 | Assam Sanskrit Board, GUWAHATI-781019 |
| 41 | The W.B. Council of Rabindra Open Schooling,KOLKATA-700091 | 56 | Rashtriya Sanskrit Sansthan, NEW DELHI-110058 |
| 42 | Madhya Pradesh State Open School, BHOPAL-462011 | 57 | The Telangana State Open School, Hyderabad |
| 43 | Chattisgarh State Open School, RAIPUR - 492001 | 58 | The Aligarh Muslim University, Aligarh |
| 44 | Rajasthan State Open School, JAIPUR - 302004 | 59 | The Assam State Board of Madrasa Education, Guwahati |
| 45 | Banasthali Vidyapith, JAIPUR,RAJASTHAN-304022 | | |

(R.I.PATEL)
Secretary
Gujarat Secondary and
Higher Secondary Education Board
Gandhinagar

ક્રમાંકઃ- /મઉમશબ/સંશોધન/૨૦૧૭/૯૮૫૧
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેક્ટર-૧૦ બી, જૂના સચિવાલય પાસે,
ગાંધીનગર. તા. ૦૪/૦૪/૨૦૧૭

પ્રતિ
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી (તમામ)
ગુજરાત રાજય

વિષય:- ભારતના ૫૯ બોર્ડ માંથી આવતા ધો-૧૧ પાસ (વિજ્ઞાન પ્રવાહ) CBSE / અન્ય બોર્ડના વિધાર્થીઓને ધો-૧૨( વિજ્ઞાન પ્રવાહ/સામાન્ય પ્રવાહ) માં પ્રવેશ આપવા બાબત.

સંદર્ભ:- (૧) બોર્ડના પ્રવેશ યોગ્યતા પ્રમાણપત્ર પરીપત્ર તા.૧૩/૧/૨૦૧૬
(૨) શિક્ષણ વિભાગ સચિવાલય ,ગાંધીનગર ના ઠરાવ ક્રમાંક:- મશબ/૧૨૧૬/૪૦૧/છ તા.૧૧/૭/૨૦૧૬

ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનુ કે ભારતના માન્ય ૫૯ બોર્ડ માંથી આવતા વિધાર્થીઓને ગુજરાત બોર્ડમાં પ્રવેશ સંદર્ભે બોર્ડના તા.૧૩/૧/૨૦૧૬ ના "પ્રવેશ યોગ્યતા પ્રમાણપત્ર પરીપત્ર" મુજબ પ્રવેશની કાર્યવાહી જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી ધ્વારા કરવામાં આવે છે.

ગુજરાત સરકાર શિક્ષણવિભાગના ઠરાવ ક્રમાંક:- મશબ/૧૨૧૬/૪૦૧/છ તા.૧૧/૭/૨૦૧૬ થી સેમેસ્ટર પધ્ધતિ નાબુદ થયેલ છે. સેમેસ્ટર પધ્ધતિ નાબુદ થતા હવેથી ભારતના અન્ય ૫૯ બોર્ડ માંથી આવતા ધો-૧૧ પાસ વિજ્ઞાન પ્રવાહ CBSE/અન્ય બોર્ડ પૈકીના વિધાર્થીઓને ગુજરાત બોર્ડની માન્ય શાળામાં ધો-૧૨ વિજ્ઞાન પ્રવાહ/સામાન્ય પ્રવાહ માં પ્રવેશ આપી શકાશે.આ માટે બોર્ડના "પ્રવેશ યોગ્યતા પ્રમાણપત્ર પરીપત્ર "મુજબ ની કાર્યવાહી કરવાની રહેશે.

ઉપરોક્ત બાબતની જાણ આપના તાબા હેઠળની તમામ શાળાઓને કરવા જણાવવામાં આવે છે.

(આર.આઈ.પટેલ)
સચિવ
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ
ગાંધીનગર

C:\Users\ohm\Documents\પ્રતિ.docx

પ્રવેશ યોગ્યતા પ્રમાણપત્ર
પરિપત્ર

ક્રમાંક:-/મઉમશબ/સંશોધન/૨૦૧૭/ ૬૯૦૭
ગુજરાત માધ્યમિક અને,
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેક્ટર-૧૦ બી, જૂના સચિવાલય પાસે,
ગાંધીનગર. તા.૨૪/૦૪/૨૦૧૭

પ્રતિ,
આચાર્યશ્રી
માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળાઓ,
( ગુજરાત રાજ્ય) તમામ.

વિષય:- વિદેશમાં અભ્યાસ કરી ધો-૯,૧૦,૧૧ અને ૧૨ માં પ્રવેશ મેળવવા બાબત.

સંદર્ભ:- (૧)બોર્ડની શૈક્ષણિક સમિતિના ઠરાવ ક્રમાંક:-૮૩/૨૦૧૪ તા.૨૮/૧/૨૦૧૪
(૨) પ્રવેશ યોગ્યતા પરિપત્ર તા.૧૨/૨/૨૦૧૪ અન્વયે

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે વિદેશમાં અભ્યાસ કરી ધો-૯,૧૦,૧૧ અને ધો-૧૨ (સામાન્ય પ્રવાહ) માં પ્રવેશ મેળવવા વિદ્યાર્થીઓએ "એસોશિએશન ઓફ ઈન્ડિયન યુનિવર્સિટી, એ.આઇ.યુ. હાઉસ,૧૬ કોટલા માર્ગ ,ન્યુ દિલ્હી-૧૧૦૦૦૨" ધ્વારા સમકક્ષ પ્રમાણપત્ર રજૂ કરી બોર્ડ વંચાણે લઈ અત્રેથી પ્રવેશ યોગ્યતા પ્રમાણપત્ર આપવામાં આવશે તે પ્રમાણે પરિપત્ર થયેલ હતો પરંતુ ગુજરાત સરકાર શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક:-મશબ/૧૨૧૬/૪૦૧/છ તા.૧૧/૭/૨૦૧૬ થી સેમેસ્ટર પધ્ધતિ નાબૂદ થતાં હવેથી વિદેશમાં અભ્યાસ કરી ધો-૧૧ વિજ્ઞાન પ્રવાહ પાસ બોર્ડના વિધાર્થીઓને ગુજરાત બોર્ડની માન્ય શાળામાં ધો-૧૨માં વિજ્ઞાન પ્રવાહ/સામાન્ય પ્રવાહ માં પ્રવેશ આપી શકાશે.

પ્રવેશ યોગ્યતા પ્રમાણપત્ર મેળવવા અરજીપત્ર સાથે નિયત ફી-રૂ.૫૦૦/- તા.૨૮/૧/૨૦૧૪ ના રોજ મળેલ શૈક્ષણિક સમિતિના ઠરાવ ક્રમાંક:-૮૩/૨૦૧૪ થી નક્કી થયેલ છે.જે મુજબ રૂ.૫૦૦/- ના ડી.ડી. મોકલવાનો રહેશે.

રાજ્યની તમામ માધ્યમિક તેમજ ઉચ્ચતર માધ્યમિક શાળાઓને જણાવવામાં આવે છે કે વિદેશથી અભ્યાસ કરી ધો-૯,૧૦,૧૧ અને ધો-૧૨ માં પ્રવેશ મેળવવા માગતા વિધાર્થીઓએ દિલ્હીથી સમકક્ષ પ્રમાણપત્ર મેળવી બોર્ડની કચેરીએ રજૂ કરી 'પ્રવેશ યોગ્યતા પ્રમાણપત્ર' મળ્યા બાદ પ્રવેશ આપવાનો રહેશે.શાળા સીધે સીધો પ્રવેશ આપશે તો તેની સઘળી જવાબદારી આચાર્યશ્રીની રહેશે.

વિધાર્થીનો અભ્યાસ ન બગડે તે માટે શાળાએ કામચલાઉ પ્રવેશ આપી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરની સંશોધન શાખામાં દિલ્હીથી મેળવેલ A.I.U સમકક્ષતા પ્રમાણપત્રની નકલ ગુણપત્રક,એલ.સી (L.C),ટ્રાન્સફર સર્ટિફિકેટ(T.C),માઈગ્રેશન સર્ટિફિકેટ,પાસપોર્ટ/વિઝાના

આધારોની પ્રમાણિત નકલ સાથે જરૂરી ફી રૂ.૫૦૦/- ડિમાન્ડ ડ્રાફ્ટ મોકલી અત્રેથી ૧૫ દિવસમાં પ્રવેશ યોગ્યતા પ્રમાણપત્ર મેળવી જે તે શાળામાં રજૂ કરવાનું રહેશે.

(આર.આઇ.પટેલ)
સચિવ
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર

નકલ સવિનય રવાના:-

- અધ્યક્ષશ્રી ગુ.મા અને ઉ.મા શિક્ષણ બોર્ડ,ગાંધીનગર.
- નાયબ અધ્યક્ષશ્રી ગુ.મા અને ઉ.મા શિક્ષણ બોર્ડ,ગાંધીનગર.

નકલ રવાના :-

- પરીક્ષા સચિવશ્રી (સામાન્ય પ્રવાહ તથા વિજ્ઞાન પ્રવાહ)
  ગુ.મા અને ઉ.મા શિક્ષણ બોર્ડ,ગાંધીનગર.
- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,તમામ.(ઉક્ત પરિપત્રની જાણ જિલ્લાની તમામ શાળાઓને કરવા સારું)

A.I.U દ્વારા 'EQUIVALENCE CERTIFICATE ' મેળવવાનું સરનામું : -
ASSOCIATION OF INDIAN UNIVERSITIES
AIU HOUSE,16, Comrade Indrajit Gupta Marg,New Delhi-110 002
EPABX:- 91-011 23230059 (6 Lines) /FAX :-91-011-23232131
http://www.aiuweb.org Email:- evaluation@aiuweb.org

પરિપત્ર

ક્રમાંક:/મઉમશબ/સંશોધન/૨૦૧૭/ ૨૮૨૨
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેકટર-૧૦ બી, જૂના સચિવાલય પાસે,
ગાંધીનગર. તા. ૧૯/૧૨/૨૦૧૭

પ્રતિ,
આચાર્યશ્રી
માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ,
ગુજરાત રાજ્ય. (તમામ)

વિષય:- વિદેશમાં અભ્યાસ કરી ધો-૯ થી ૧૨માં "પ્રવેશ યોગ્યતા પ્રમાણપત્ર" મેળવવા બાબતની અરજી શાળા મારફતે મોકલવા બાબત.

સંદર્ભ:- (૧) બોર્ડની શૈક્ષણિક સમિતિના ઠરાવ ક્રમાંક:-૮૩/૨૦૧૪, તા.૨૮/૦૧/૨૦૧૪.
(૨) પ્રવેશ યોગ્યતા પરિપત્ર, તા.૧૨/૦૨/૨૦૧૪.
(૩) પ્રવેશ યોગ્યતા પ્રમાણપત્ર પરિપત્ર, તા.૨૪/૦૪/૨૦૧૭.

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે તા.૨૪/૦૪/૨૦૧૭ના બોર્ડના પરિપત્રથી જણાવ્યા મુજબ વિદેશમાં અભ્યાસ કરી ધો-૯ થી ૧૨માં પ્રવેશ મેળવવા ઇચ્છતા વિદ્યાર્થીનો અભ્યાસ ન બગડે તે માટે શાળાએ કામચલાઉ પ્રવેશ આપી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરની સંશોધન શાખામાં A.I.U. ન્યુ દિલ્હીથી મેળવેલ સમકક્ષતા પ્રમાણપત્રની નકલ ગુણપત્રક, એલ.સી (L.C.), ટ્રાન્સફર સર્ટિફિકેટ (T.C.), માઇગ્રેશન સર્ટિફિકેટ, પાસપોર્ટ/વિઝાના આધારોની પ્રમાણિત નકલ સાથે જરૂરી ફી.રૂ.૫૦૦/- ડિમાન્ડ ડ્રાફ્ટ મોકલી અત્રેથી ૧૫ દિવસમાં પ્રવેશ યોગ્યતા પ્રમાણપત્ર મેળવી જે તે શાળામાં રજુ કરવાનું રહેશે. આ પ્રમાણે જણાવેલ છે પરંતુ વિદેશમાં અભ્યાસ કરી ગુ.મા.ઉ.મા.શિ.બોર્ડ સાથે સંલગ્ન શાળાઓમાં ધોરણ-૯ થી ૧૨માં પ્રવેશ મેળવવા માટે વિદ્યાર્થીઓ દ્વારા સીધે-સીધી અરજી બોર્ડમાં કરવામાં આવે છે. તેના કારણે સદર વિદ્યાર્થીને શાળાએ કામચલાઉ પ્રવેશ આપેલ છે કે કેમ તે બાબત સ્પષ્ટ થતી નથી. તેથી વિદેશમાં અભ્યાસ કરેલ વિદ્યાર્થીએ A.I.U. ન્યુ દિલ્હીથી મેળવેલ AIU સમકક્ષતા પ્રમાણપત્રની નકલ, એલ.સી., પાસપોર્ટ સર્ટીફીકેટ, માઇગ્રેશન, પાસપોર્ટ વિઝાના આધારો તેમજ રેસીડન્ટ પરમીટની પ્રમાણિત નકલ સાથેની અરજી નિયત પત્રકમાં રૂ.૫૦૦/-ના ડીડી સાથે શાળા મારફત અરજી કરવાની રહેશે. જે અરજીમાં શાળાએ વિદ્યાર્થીને ક્યારે કામચલાઉ પ્રવેશ આપેલ છે તે બાબત દર્શાવવાની રહેશે.

(આર.આઇ.પટેલ)
સચિવ
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી
રાજકોટ
આ. નં. ૩૦૧
૮.૧.૧૮

નકલ રવાના:-
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, (તમામ) ઉક્ત પરિપત્રની જાણ આપના જિલ્લાની તમામ શાળાઓને કરવા સારૂ.

# પ્રવેશ યોગ્યતા પ્રમાણપત્ર મેળવવા માટેનું અરજી પત્રક શાળા મારફતે મોકલવાનું રહેશે.

શાળાએ કામચલાઉ પ્રવેશ આપ્યા તારીખ.
તા.    /    /

પત્ર વ્યવહારનું સરનામું
નામ:..................................................
સરનામું:..............................................
......................................................
તા..............................જિ.......................
પીન કોડ નંબર..........................................
મો:-.....................................
તારીખ:-    /    /

પ્રતિ,
સચિવશ્રી,
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેક્ટર-૧૦ બી, જુના સચિવાલય પાસે,
ગાંધીનગર.

વિષય:- પ્રવેશ યોગ્યતા પ્રમાણપત્ર મેળવવા બાબત.

હું નીચે સહી કરનાર કુમાર/કુમારી........................................................ ધોરણ................ ની જાહેર પરીક્ષા .........................................................બોર્ડમાંથી વર્ષ.........................માં બેઠક નંબર................................................પાસ કરેલ છે. ધોરણ-............ની ગુજરાત મા. અને ઉ. મા. શિક્ષણ બોર્ડની જાહેર પરીક્ષા આપવાની હોઇ ધોરણ-..........માં પ્રવેશ માટે પ્રવેશ યોગ્યતા પ્રમાણપત્ર આપવા વિનંતી છે.

૧. વિદ્યાર્થીનું નામ :-..................................................
૨. જન્મ તારીખ :-..................................................
૩. અગાઉ જે શાળા મારફત અભ્યાસ :-..................................................
કરેલ હોય તેનું નામ/સરનામું :- ..................................................
ધોરણ અને પાસ કર્યાનું વર્ષ (પ્રમાણિત નકલ બીડવી):- ..............................
૪. પાસ કરેલ બોર્ડ/ઇન્સ્ટીટ્યુટ/યુનિવર્સિટીનું નામ:-................................
તેમજ તેનું સરનામું:-..................................................
......................................................................

૫. ધોરણ-.........માં કઇ શાળામાં પ્રવેશ લેવા માંગો છે:-.................................................................
તે શાળાનું નામ/સરનામું અથવા ખાનગી ઉમેદવાર:-.................................................................
તરીકે પરીક્ષા આપવા માંગતા હો તે શાળાનું નામ/સરનામું:-.................................................................

<u>ફક્ત પરદેશના વિદ્યાર્થીઓ માટે:-</u>

૬. વિદ્યાર્થીની રાષ્ટ્રીયતા :-.................................................................
૭. વિદ્યાર્થીના વતનનું સરનામું :-.................................................................
૮. પાસપોર્ટ/વિઝાના નંબરો અને તેની મુદત :-.................................................................
૯. ભારતમાં કેટલો સમય રોકાવાના છો તે વિગત:-.................................................................

<u>બિડાણ:-</u>

૧. A.I.U. નું સમકક્ષતા પ્રમાણપત્ર
૨. ગુણ પત્રક
૩. શાળા છોડ્યાનું પ્રમાણપત્ર (L.C.)/Transfer Certificate (T.C.)
4. માઇગ્રેશન સર્ટીફીકેટ
૫. પાસપોર્ટ/વિઝાના આધાર
૬. રેસીડેન્ટ પરમિટની નકલ

ઉપર મુજબના તમામ આધારોની પ્રમાણિત નકલો નિયત કરેલ ફી સાથે આ સાથે સામેલ છે. આથી સદર વિદ્યાર્થીને પ્રવેશ યોગ્યતા પ્રમાણપત્ર આપવા વિનંતી.

વિદ્યાર્થી નામ:-..................................................
સહી:-..................................................
મો. નં..................................................

આચાર્યના સહિ/સિક્કા

નોંધ:- અસલ પ્રમાણપત્રો તેમજ પાસપોર્ટ સાથે રૂબરૂ આવવું.

## For Office Use Only / ફક્ત ઓફિસ કામકાજ માટે

પ્રમાણપત્ર ફી રૂ. ૫૦૦/- (અંકે રૂપિયા પાંચસો પુરા)
ડિમાન્ડ ડ્રાફ્ટ નંબર....................................
તારીખ. / / . બેંકનું નામ.................................................................

અથવા

રોકડ ફી બોર્ડ ખાતે ભર્યાની વિગત:-
Receipt No:-................................................................ Date:- / /